ડી. શાખા
S. J. & E. DEPTT.
26 AUG 2022
INWARD No. ૮૧૫૬૫

15
Copy

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૪/૦૮/૨૦૨૨

**જાહેરનામુ:-**

**No.GTH/44/2022/JJA/10/2017/136009/CHH-** રાજ્યમાં ધ જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ, ૨૦૧૫ હેઠળ દરેક જિલ્લાઓ માટે, કાયદા સાથે તકરારી બાળકોના સંબંધમાં સત્તાઓનો ઉપયોગ કરવા માટે તથા પોતાની ફરજો અદા કરવા માટે ઉક્ત એકટની કલમ-૪(૧) મુજબ રાજ્ય સરકાર દ્વારા જુવેનાઇલ જસ્ટિસ બોર્ડની રચના કરવાની જોગવાઇ છે. જુવેનાઇલ જસ્ટિસ બોર્ડમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અથવા તો ફર્સ્ટકલાસમાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, જે પણ કિસ્સો હોય તે હોદ્દાની રૂએ ચેરપર્સન હોય છે, તથા રાજ્ય સરકારના દ્વારા આ બોર્ડમાં બે સભ્યોની નિમણુંક કરવામાં આવે છે. ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ના નિયમ-૫(૧) મુજબ જુવેનાઇલ જસ્ટિસ બોર્ડના સભ્યોની મુદત માટે ત્રણ વર્ષની જોગવાઇ કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા તા.૧૪/૧૦/૨૦૧૯ના જાહેરનામા ક્ર. G/L/04/2017/JJA/102017/136009/CHH થી બોટાદ, ડાંગ, દેવભુમિ દ્વારકા, ગીરસોમનાથ, મહિસાગર, મોરબી, તાપી મળી કુલ-૦૭ જિલ્લાઓ માટે જુવેનાઇલ જસ્ટિસ બોર્ડના સભ્યોની નિમણુંક કરવામાં આવેલ. આ બોર્ડની મુદત તા.૧૩/૧૦/૨૦૨૨ ના રોજ પુર્ણ થનાર છે.

ઉક્ત કુલ-૦૭ જિલ્લાઓ માટે જુવેનાઇલ જસ્ટિસ બોર્ડમાં સભ્યોની નિમણુંકની પ્રકિયા હાલ ચાલુ છે, જેથી બાળકોના શ્રેષ્ઠહિતને ધ્યાનમાં લઇ ઉકત ૦૭(સાત) જિલ્લાઓ માટેના જુવેનાઇલ જસ્ટિસ બોર્ડમાં તા.૧૪/૧૦/૨૦૧૯ના જાહેરનામાથી નિમણુંક પામેલા સભ્યોની મુદત ખાસ કિસ્સામાં નવી નિમણુંક ન થાય ત્યાસુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવે છે. આ બોર્ડ નિયમાનુસાર કાર્યવાહી કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દ્રષ્ટિ શાહ)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

(P.T.O.)

૨૯૬/ડી.શાખા
26/08/2022.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
- અ,મુ,સ,શ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વે, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ (મારફત: મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર.)
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ/ જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/ રાજકોટ.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી, બ્લોક નં.૧૯/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત તમામ જિલ્લાઓના જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના સભ્યો. (મારફત: મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર.)
- સેકશન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ- વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.